# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'એચઆરસ્ રોલ એજ અ ચેન્જ લીડર ડયુરીંગ ક્રાઇસિસ ટાઇમ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'એચઆરસ્ રોલ એજ અ ચેન્જ લીડર ડયુરીંગ ક્રાઇસિસ ટાઇમ' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે શ્રી રામકૃણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.ના ચીફ હયુમન કેપીટલ ઓફિસર ડો. નિરવ મંદિર, આઇબીએમ ઇન્ડિયાના સિનિયર એચઆર લીડર સુશ્રી મનદીપ કૌર અને એચઆરડી ઇન્ડિયાના સીઇઓ ડો. સિદ્ધાર્થ પાંડે દ્વારા હયુમન રિલેશનશિપ માટે બેસ્ટ પ્રેકટીસ ઓફ કોમ્યુનિકેશન, લર્નીંગ એન્ડ ડેવલપ, રીસ્કેલ તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિમાં માનવતાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની સમજશકિત કેળવવા અંગે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સાથે જ એચઆર લીડર્સની ભૂમિકા ચેન્જ કરીયરને બદલે હવે ચેન્જ મેકરની રહેશે તેવો સંદેશ પણ લોકોને પાઠવ્યો હતો.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, અત્યાર સુધી ઇન્ડસ્ટ્રીમાં તેમજ ઓર્ગેનાઇઝેશનમાં એચઆરની ભૂમિકા કયા પ્રકારે અસરકારક રહી શકે તેના ઉપર ધ્યાન આપવામાં આવતુ હતુ. પરંતુ ઇન્ડસ્ટ્રી ફરીથી ચાલુ થયા બાદ ઘણી મુશ્કેલીઓ ઉભી થશે. એવા સંજોગોમાં એચઆરની ભૂમિકા ખૂબ જ નિર્ણયાત્મક બની રહેશે.

ડો. નિરવ મંદિરે જણાવ્યુ હતુ કે, ચેલેન્જના સમયે સમાજમાં આશાવાદી અને નિરાશાવાદી બંને લોકોની જરૂર હોય છે. કોવિડને કારણે જે ક્રાઇસિસનો સમય છે તેને વેસ્ટ નહીં કરવો જોઇએ. એચઆર સાથે સંકળાયેલા પ્રોફેશનલોએ પોતાના ઇન્ટરનલ પ્રોસિસને રીકેલીબ્રેટ કરવું જોઇએ. શોર્ટ ટર્મ ઓબ્જેકટીવને બદલે ફેકટ બેઇઝ્ડ

સિચ્યુએશનને હેન્ડલ કરવી પડશે. એચઆર લીડરને પ્રોએકટીવ થઇ સતત કોમ્યુનિકેશનમાં રહેવાનું હોય છે. તેણે કર્મચારીઓની પ્રોડકટીવિટી વધારવાની હોય છે. ખાસ કરીને વિપરીત સંજોગોમાં પણ જે કામ કરે છે એવા વીસ ટકા કર્મચારીઓને મોટીવેટ કરવાના હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, અત્યારના સંજોગોમાં એચઆર ઓબ્જેકટીવ ઉપર ફોકસ કરવાનું રહેશે. આ જ સાચો સમય છે કે બિઝનેસ સ્કીલ બિલ્ડ કરી શકાય. માત્ર ઓફિશિયલ નહીં પણ સોશિયલ લાઇફમાં પણ ધ્યાન આપવાની જરૂર છે. લર્નીંગ એન્ડ ડેવલપ તેમજ રીસ્કેલ કઇ રીતે કરી શકાય તેના ઉપર ફોકસ કરવો પડશે. કોઇપણ ઓર્ગેનાઇઝેશનમાં કઇ રીતે વધારે કોન્ટ્રીબ્યુશન આપી શકાય તેના પર ધ્યાન આપવાનું રહેશે. તેમણે કહયું કે, સુરત દાનવીરોની ભૂમિ છે. જેથી કરીને અહીંની ઓર્ગેનાઇઝેશનનો એપ્રોચ ઇન્ડીવિઝયુલ અને સોશિયલ એમ બંને માટે હોય છે. જો કે, સુરતના ઉદ્યોગ સાહસિકો સોશિયલ આસ્પેકટ્સમાં વધારે માને છે.

સુશ્રી મનદીપ કૌરે જણાવ્યુ હતુ કે, એક વાતને સ્વીકારી લો કે આખા વિશ્વમાં હાલ જે થઇ રહયું છે એના ઉપર તમારો કોઇ કન્ટ્રોલ નથી. એમાં તમારાથી બનતુ તેટલું કન્ટ્રીબ્યુટ કરો અને સિસ્ટમ ઉપર ગુસ્સો નહીં કરો. અત્યારે જીવ બચાવવાનું સૌથી વધારે જરૂરી છે અને એના માટે લોકડાઉન જ એકમાત્ર વિકલ્પ છે. આ સમય બાદ જે થશે તે સારું જ થવાનું છે. લોકડાઉનમાં આ જે સમય આપણને મળ્યો છે એનો સારો ઉપયોગ કરો. અત્યારે પોતાની અંદર જોવાની જરૂર છે. યોગા, મેડીટેશન અને કસરત કરવાની પણ જરૂર છે. આપણે પોતાની અંદર નહીં જોઇશું તો બહાર ધ્યાન આપી શકીશું નહીં. આનાથી આપણને સ્ટ્રેન્થ મળશે કે તમે બીજાને પુછો કે તમે કેમ છો? કામની વાત સિવાય અન્ય વાતો પણ કર્મચારીઓ સાથે કરવી જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આ સમય ચેલેન્જ કરે છે કે આપણે શું કરવું જોઇએ અને કોણે સપોર્ટ કરવાનો છે? આપણે કર્મચારીઓ તરફ, બિઝનેસ તરફ કે કલાયન્ટ તરફ ફોકસ કરવાનો છે તે બાબતને સમજવાની જરૂર છે. વર્કીંગ ફ્રોમ હોમ બધાના માટે નવું છે. જે લોકો ઘરેથી કામ કરી રહયાં છે તેમનું મેન્ટલ અને ફિઝીકલ હેલ્થ કઇ રીતે સારુ રાખી શકાય તેના માટે પ્રયાસ કરવો પડશે. તેમણે કહયું કે, કર્મચારીઓને પહેલા જે રીતે હેન્ડલ કરતા હતા તે રીતે અત્યારના માહોલમાં ટ્રીટ નહીં કરી શકાય. સુરતમાં પ્લેગ આવ્યો, ફલડ આવ્યુ છતાં પણ સુરત ફરીથી ઉભું થઇ જાય છે. આપણું સ્ટ્રેન્થ છે કે આપણે આ વિપરીત પરિસ્થિતિમાંથી પણ બહાર નીકળી જઇશું.

શ્રી સિદ્ધાર્થ પાંડેએ જણાવ્યુ હતુ કે, સક્ષમતાની સાથે આખી પરિસ્થિતિનો સામનો કરવાનો છે. વતન છોડીને રોજીરોટી માટે આપણે ત્યાં આવેલા તેમજ વિવિધ કંપનીમાં કામ કરતા કર્મચારીઓના હિત માટે વિચારવું જોઇએ. આવા કપરા સમયમાં તેઓને સાથે રાખવા પડશે અને જરૂર પડે તેઓને મદદ કરવી પડશે. મેન્યુફેકચરીંગ સિસ્ટમમાં આપણે લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટમાં ઘણા પાછા છીએ. લોકોને પોતાની જાત ઉપર મહેનત કરવી પડશે, જેથી કરીને તેઓ કોઇ કંપનીના કર્મચારી બની શકે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં કાયદાને બદલે માનવતાને ધ્યાનમાં રાખીને કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવાની સમજશકિત કેળવવા ઉપર તેમણે ભાર મુકયો હતો.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ર૩પ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.